# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી : ગાંધીનગર

## બિનસરકારી અનુદાનિત કોલેજોમાં વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, હોમસાયન્સ, કાયદા, શિક્ષણ, શારીરિક શિક્ષણ અને ગ્રામવિદ્યા વિદ્યાશાખાના અધ્યાપક સહાયકોની ખાલી જગ્યાઓ ભરવા માટે ઓનલાઈન અરજી આમંત્રિત કરવા બાબત

# અરજી કરવાની છેલ્લી તારીખ : ૨૧/૧૨/૨૦૨૦

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી (ગુ.રા.), ગાંધીનગરની કચેરી દ્વારા રાજ્યની બિનસરકારી અનુદાનિત આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, હોમસાયન્સ, રૂરલ સ્ટડીઝ (બી.આર.એસ.)., ફિઝિકલ એજ્યુકેશન(બી.પી.એડ.), શિક્ષણ (બી.એડ.) અને કાયદા (લૉ) કોલેજોમાં "અધ્યાપક સહાયક"ના નામાભિધાનથી આસિસ્ટન્ટ પ્રોફેસરની કુલ ૭૮૦ જગ્યા પર નિમણૂક આપવાના હેતુથી કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા માટે સંસ્થાઓને એન.ઓ.સી. આપવામાં આવેલ છે. આ ભરતી પ્રક્રિયા કેન્દ્રીયકૃત ધોરણે કરવા માટે સબંધિત સંસ્થાના કોલેજ સંચાલક મંડળ દ્વારા સંમતિ આપવામાં આવેલ છે. જે સંદર્ભે "અધ્યાપક સહાયક'' તરીકે નિમણૂક આપવા યોગ્ય ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીપત્રકો આમંત્રિત કરવામાં આવે છે.

- આ જગ્યાઓ માટે સમગ્ર ભરતી પ્રક્રિયા પારદર્શી રીતે, ગુણવત્તાસભર, ઝડપભેર અને રોસ્ટર મુજબ થાય તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા ભારત સરકારશ્રીના રાજપત્ર -૧૮મી જુલાઈ, ૨૦૧૮માં પ્રકાશિત યુ.જી.સી. નવી દિલ્હીની અધિસૂચનાના ધારાધોરણ મુજબ કેન્દ્રીયકૃત ભરતીનું આયોજન કરેલ છે.
- સમગ્ર કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા સરકારશ્રીની વખતો-વખતની નીતિ અને સૂચનાઓને આધીન છે, તથા સરકારશ્રી દ્વારા ઠરાવવામાં આવે તો રદ અથવા ફેરફારને પાત્ર છે અને તે ઉમેદવાર માટે બંધનકર્તા રહેશે.
- ભરતી માટે આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબ વિષયવાઈઝ ખાલી જગ્યાની વિગતો જાણકારીના હેતુસર દર્શાવેલ છે. પસંદગી યાદી બન્યા બાદ પણ કાર્યભાર કે વહીવટી કારણો સબબ ઉકત કોઈપણ જગ્યાઓ રાજય સરકાર દ્વારા ભરવા બાબતે અન્ય નીતિ નિર્ધારિત થાય તેવા સંજોગોમાં પરિશિષ્ટમાંની જગ્યા કે તમામ જગ્યાઓ સરકારશ્રીના કે ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીના નિર્ણયને આધીન આપોઆપ રદ થયેલ ગણાશે અથવા નવી નીતિ અનુસાર અલગથી ભરાશે અથવા તેમાં ફેરફાર કરી શકાશે.
- આ જાહેરાત સંબંધિત ભરતી પ્રક્રિયા દરમ્યાન કે અધ્યાપક નિમણુંક પહેલા, જો કોઇ અધ્યાપક હાલમાં બિન સરકારી અનુદાનિત કોલેજમાં કાર્યરત હોય અને તે અધ્યાપક ફાજલ થતા હશે તો, તે જગ્યા પર પ્રથમ આવા ફાજલ અધ્યાપકને સમાવવાનાં થશે અને આવી જગ્યા આ ભરતી પ્રક્રિયામાંથી રદ કરવામાં આવશે. તે માટે આ જાહેરાત અંતર્ગત અરજી કરનાર ઉમેદવાર નિમણૂંક માટે કોઈ હક્ક દાવો કરી શકશે નહીં.
- જો એક કરતાં વધુ વિષય માટે અરજી કરવાની હોય તો દરેક વિષય માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે નિયત ફી ભરવાની રહેશે.

**લાયકાત :**

1) ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ.
2) ઉમેદવારની શૈક્ષણિક લાયકાત યુ.જી.સી. રેગ્યુલેશન,૨૦૧૮ તા.૧૮-૦૭-૨૦૧૮ તથા તેમાં થયેલ વખતોવખતના સુધારાઓ અને સરકારશ્રીના વખતોવખતના ઠરાવ અનુસાર રહેશે.
3) શૈક્ષણિક લાયકાત માટે ભારતમાં કેન્દ્ર કે રાજય સરકાર દ્વારા વૈધાનિક કાયદા વડે તથા યુ.જી.સી. દ્વારા આપેલ માન્યતા સંદર્ભે સ્થાપિત કે માન્ય કોઈપણ યુનિવર્સિટી તરફથી એનાયત થયેલ ડિગ્રી જ ધ્યાને લેવાશે.
4) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુ.જી.સી.) રેગ્યુલેશન-૨૦૧૮ અને તેમાં વખતોવખતના સુધારાઓ પ્રમાણે ઉમેદવારે જે તે વિદ્યાશાખા અને સંબંધિત વિષયમાં અનુસ્નાતક પદવી લઘુત્તમ ૫૫ ટકા ગુણ (જો યુનિવર્સિટી દ્વારા ગ્રેડ પોઈન્ટ અપાયેલ હોય તો ૫૫ ટકા સમકક્ષ ગ્રેડ પોઈન્ટ) સાથે મેળવેલ હોવી જોઇએ.
5) ઉમેદવારે યુ.જી.સી તથા સી.એસ.આઇ.આર. અથવા સમાન પ્રકારની સંસ્થા દ્વારા યોજીત નેટ (પ્રમાણપત્ર) અથવા ગુજરાત રાજ્યના સ્ટેટ લેવલ એલિજિબિલીટી ટેસ્ટ (જી-સ્લેટ પ્રમાણપત્ર), સેટ (SET) સબંધિત વિષય અને વિદ્યાશાખામાંથી ઉત્તીર્ણ કરેલી જોઈએ.

ઉમેદવાર કે જેઓ ૧૧ જુલાઈ, ૨૦૦૯ પહેલા પીએચ.ડી. માટે રજીસ્ટર થયા હોય અને પીએચ.ડી. પૂર્ણ થયું હોય તેવા ઉમેદવારોને NET/SLET-SET લાયકાતમાંથી મુક્તિ મળવાપાત્ર છે. આવા ઉમેદવારોએ University Grants Commission (Minimum Qualifications for Appointment of Teachers and other Academic Staff in Universities and Colleges and Measures for the Maintenance of Standards in Higher Education) (4th Amendment), Regulations, 2016 નાં મુદ્દા નં.-૩ માં જણાવ્યા અનુસારનું Vice-Chancellor / Pro-Vice-Chancellor / Dean (Academic Affairs) / Dean (University Instructions)નું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

જે ઉમેદવારે યુ.જી.સી. રેગ્યુલેશન ૨૦૦૯ અથવા ૨૦૧૬ પ્રમાણે પીએચ.ડીમાં પ્રવેશ મેળવેલ હોય અને પીએચ.ડી.પૂર્ણ થયું હોય તેમને University Grants Commission (Minimum Standards and Procedure for Award of Ph.D. Degree) Regulations, 2009 અથવા 2016 અનુસાર NET/SLET-SET લાયકાતમાંથી મુક્તિ મળવાપાત્ર છે. આવા ઉમેદવારોએ University Grants Commission (Minimum Standards and Procedure for Award of Ph.D. Degree) Regulations, 2009 અથવા 2016 અનુસાર પીએચ.ડી લાયકાત મેળવેલ છે તે મુજબનું યુનિવર્સિટીના સક્ષમ સત્તાધિકારીનું સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. આ માટે ઉમેદવારે ૨૦૦૯ અથવા ૨૦૧૬ના રેગ્યુલેશનની નીચે મુજબની શરતોનું પાલન કરેલું હોવું અનિવાર્ય છે.

- ઉમેદવારે પીએચ.ડી. સબંધિત વિષય અને વિદ્યાશાખામાં રેગ્યુલર મોડમાં કરેલું હોવું જોઈએ.
- ઉમેદવારના મહાનિબંધનું મૂલ્યાંકન ઓછામાં ઓછાં બે એક્સટર્નલ પરીક્ષકોએ કરેલું હોવું જોઈએ.
- ઉમેદવારનો પીએચ.ડી. ઓપન વાયવા લેવાયેલો હોવો જોઈએ.
- પીએચ.ડી. કાર્ય દરમ્યાન ઉમેદવારના ઓછામાં ઓછા બે સંશોધન પેપર પ્રકાશિત થયેલ હોવા જોઈએ. આ બે સંશોધન પેપર પૈકી એક સંશોધન પેપર રિફર્ડ જર્નલમાં પ્રકાશિત થયેલ હોવું અનિવાર્ય છે.
- ઉમેદવારે તેના પીએચ.ડી. કાર્ય દરમ્યાન તેના પીએચ.ડી.ના શોધનિંબધને લગતા ઓછામાં ઓછા બે સંશોધન પેપર યુ.જી.સી. અથવા આઈ.સી.એસ.એસ.આર., સી.એસ.આઈ.આર અથવા તેના સમકક્ષ કોઈ એજન્સી દ્વારા અનુદાનિત અથવા આયોજિત કે તેની સહાયથી યોજાયેલ કોન્ફરન્સ, કે સેમિનારમાં રજૂ કરેલ હોવા જોઈએ.
- ઉપરોક્ત તમામ શરતો જે તે યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રી કે ડીન દ્વારા પ્રમાણિત થયેલા હોવા જોઈએ.
- જે ઉમેદવારે ૧૯ સપ્ટેમ્બર, ૧૯૯૧ પહેલાં સંબંધિત વિષયમાં માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરેલ હોય અને તે જો પીએચ.ડી.ની પદવી ધરાવતા હોય તો તેવા ઉમેદવારની શૈક્ષણિક લાયકાતના લઘુત્તમ ધોરણોમાં અનુસ્નાતક કક્ષાએ ૫૫ ટકાને બદલે ૫૦ ટકા ધ્યાને લેવાના રહેશે.
- જે વિદ્યાશાખામાં યુ.જી.સી., સી એસ.આઇ.આર. અથવા સમાન પ્રકારની સંસ્થા દ્વારા નેટ કે જીસ્લેટની પરીક્ષાઓ યોજાતી નથી તેવી વિદ્યાશાખાઓના ઉમેદવારોને નેટ કે જીસ્લેટની જરૂરિયાત રહેતી નથી.

**શિક્ષણ અને કાયદા વિદ્યાશાખામાં 'અધ્યાપક સહાયક'ની અરજી કરનાર ઉમેદવારો માટે વિશેષ નોંધ:-**

NCTE ૨૦૧૪ અને તેમાં થયેલ વખતોવખતના સુધારાઓ તથા ગુજરાત સરકારશ્રી દ્વારા લઘુતમ લાયકાત ધોરણો તેમજ રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત થયેલા ધોરણો જાળવ્યા બાદ શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાની જરૂરીયાત પ્રમાણે વિદ્યાશાખા મુજબ 'અધ્યાપક સહાયક'ની લાયકાતનાં ધોરણો રહેશે. શિક્ષણ અને કાયદાની તમામ જગ્યાઓ માટે જે લાયકાતના ધોરણો નક્કી કરવામાં આવેલ છે તે તમામ ડીગ્રીઓ UGC માન્ય યુનિવર્સિટીઓ/સંસ્થાઓ તથા NCTE/BAR Council of India નાં ધોરણો લાગુ પડતા હોય તેવી સંસ્થાઓ દ્વારા ડીગ્રીઓ એનાયત કરવામાં આવેલ હોયતો જ અરજીઓ માન્ય રહેશે.

**(A) શિક્ષણ (બી.એડ.)ની કોલેજો માટે અધ્યાપક સહાયકની લાયકાત નીચે મુજબની રહેશે.**

1. A Master's Degree in subject with 55% marks (or an equivalent grade in a point scale wherever grading system is followed);
2. M. Ed. Degree with at least 55% marks (or an equivalent grade in a point scale wherever grading system is followed); and
3. Besides fulfilling the above qualifications, the candidate must have cleared the National Eligibility Test (NET) in Education conducted by the UGC, CSIR or similar test accredited by the UGC like SLET/SET.
4. લાયકાતની શરતનાં મુદ્દા નં-૫ મુજબ શિક્ષણ વિદ્યાશાખામાં પીએચ.ડી. કરેલ હશે તે ઉમેદવારોને જ નેટ/સ્લેટ/જી-સેટ માંથી મુક્તિ મળવાપાત્ર થાય છે.

**(B) લો (કાયદા)ની કોલેજો માટે અધ્યાપક સહાયકની લાયકાત નીચે મુજબની રહેશે.**

1. Good academic record as defined by the concerned university with at least 55% marks (or an equivalent grade in a point scale wherever grading system is followed) at the Master's Degree level in the L.L.M. degree from an Indian University, or an equivalent degree from an accredited foreign university.
2. Besides fulfilling the above qualifications, the candidate must have cleared the National Eligibility Test (NET) in Law conducted by the UGC, CSIR or similar test accredited by the UGC like SLET/G-SET.
3. લાયકાતની શરતનાં મુદ્દા નં-૫ મુજબ કાયદા વિદ્યાશાખામાં પી.એચ.ડી. કરેલ હશે તે ઉમેદવારોને જ નેટ/સ્લેટ/જી-સેટ માંથી મુક્તિ મળવાપાત્ર થાય છે.

(C) Physical Education કોલેજના અધ્યાપક સહાયકની જગ્યા માટે લાયકાતનાં ધોરણો NCTE Regulations 2014 (Appendix-7) અને યુજીસી રેગ્યુલેશન ૨૦૧૮(પેરા ૪.૮) મુજબનાં રહેશે.

(D) બી.આર.એસ. કોલેજ માટે જે જગ્યાઓ પર અધ્યાપક સહાયકની નિમણૂંક કરવામાં આવશે તેમની લાયકાતનાં ધોરણો નીચે મુજબ રહેશે.

(૧) એગ્રોનોમી (બી.આર.એસ. કોલેજ માટે):- યુજીસી રેગ્યુલેશન ૨૦૧૮(પેરા ૩ અને ૪) મુજબનાં રહેશે તથા B.Sc. (Agri.)/B.R.S. (Agronomy) અને M.Sc. (Argi.)/M.R.S. (Agronomy) સાથે Ph.D. અથવા નેટ/સ્લેટ

(૨) અર્થશાસ્ત્ર (બી.આર.એસ. કોલેજ માટે):- યુજીસી રેગ્યુલેશન ૨૦૧૮(પેરા ૩ અને ૪) મુજબનાં રહેશે તથા B.A. (Economics)/B.R.S. (Economics) અને M.A.( Economics)/M.R.S. (Economics) સાથે Ph.D. અથવા નેટ/સ્લેટ

**અગત્યની નોંધ:-** ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ તમામ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

**પગાર ધોરણ :** આ જગ્યાઓનું પગાર-ધોરણ અને નિમણૂકની શરતો શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૧૦૪-૧૬૫૭-ખ તા.૨૫/૦૮/૨૦૦૫, તા.૨૮/૦૩/૨૦૦૬, તા.૧૬/૦૬/૨૦૦૮, તા.૧૫/૦૬/૨૦૧૦, તા.૦૩/૧૦/૨૦૧૨, તા.૦૪/૦૪/૨૦૧૭, તા.૨૭/૦૭/૨૦૧૭ અને એનજીસી-૧૦૧૯/CHE-૭૬૮/ખ તા.૨૩/૧૨/૨૦૧૯ની જોગવાઈ અનુસાર રહેશે. તે મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ.૪૦,૧૭૬/- અંકે રૂપીયા ચાલીસ હજાર એકસો છોત્તેર પુરા ના ફિક્સ પગારથી અથવા સરકારશ્રીના વખતોવખતના ઠરાવો મુજબ અજમાયશી ધોરણે નિમણૂંક અપાશે. પાંચ વર્ષ બાદ ઉમેદવારની સેવા સંતોષકારક જણાય તો કાર્યભાર અને સબંધિત કોલેજની દરખાસ્તની ચકાસણી બાદ નિયમોનુસાર તેમને ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા જે તે સમયના પ્રવર્તમાન નિયત થયેલ નિયમિત પગાર ધોરણમાં અધ્યાપક સહાયક્નો સમાવેશ કરવામાં આવશે.

**ઓનલાઈન અરજીપત્રક ભરવા તેમજ સમગ્ર ભરતી બાબતની અગત્યની સુચનાઓ**

1) લાયકાત ધરાવતા ઉમેદવારોએ કચેરીની વેબસાઈટ www.rascheguj.in પર અખબારી જાહેરાતમાં નિર્દિષ્ટ તારીખો દરમિયાન ઓનલાઈન અરજી કરવાની રહેશે.
2) અરજીપત્રક ભરતાં પહેલાં વેબસાઈટ ઉપર મુકવામાં આવેલી જાહેરાત માટેની સૂચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે. ઉમેદવારે ઓનલાઇન ભરેલ અરજી ફોર્મ આખરી ગણાશે જેમાં પાછળથી કોઈપણ જાતના સુધારા-વધારા કરી શકાશે નહીં કે તમારી વિશેષ કોઇ રજુઆત ગ્રાહ્ય રાખી શકાશે નહીં.
3) ઓનલાઇન સિવાય અન્ય કોઇપણ રીતે એટલે કે ટપાલ કે કુરીયર મારફત વગેરે રીતે અરજી ફોર્મ આ કચેરીને મોકલવા નહીં.
4) ઉમેદવારે સૌ પ્રથમ વેબસાઈટ www.rascheguj.in પર રજિસ્ટર થવાનું રહેશે.
5) રજિસ્ટર થયા બાદ વેબસાઈટ પર લોગ-ઈન થવાથી અરજી ફોર્મ ખુલશે. અરજી ફોર્મ કાળજીપૂર્વક ભરવાનું રહેશે. ઓનલાઇન ફી ચૂકવણી કરવામાં આવે ત્યાં સુધીમાં ઉમેદવાર પોતાના ફોર્મની વિગતો સુધારી શકાશે પરંતુ ફી ભરાઇ ગયા બાદ કોઇપણ સંજોગોમાં ઉમેદવાર ફોર્મની વિગતો સુધારી/અપડેટ કરી શકશે નહીં. ઑનલાઇન ફી ની ચૂકવણી સંબંધે ઉમેદવારો અંતિમ સમય સુધી રાહ ના જોવા સલાહ છે. જો ઉમેદવાર ઓનલાઇન અરજી ફોર્મમાં પોતે ભુલ કરશે તો તેવી અરજી ઉપર કોઇ વિચારણા કરવામાં આવશે નહીં. ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઈલ નંબર અવશ્ય આપવાનો રહેશે. આ નંબર પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી બદલવો નહીં જેથી જરૂરીયાતના સંજોગોમાં સંપર્ક કરી શકાય.
6) બિનઅનામત તેમજ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવાર માટે અરજી ફી રૂ. ૨૫૦ (અંકે રૂપિયા બસો પચાસ પુરા) અને વિકલાંગ, અનુસુચિત જાતિ તથા અનુસુચિત જનજાતિ વર્ગના ઉમેદવારો માટે અરજી ફી રૂ. ૧૦૦ (અંકે રૂપિયા સો પુરા) ભરવાના રહેશે. કોઇપણ સંજોગોમાં ભરેલ ફી પરત મળી શકશે નહીં.
7) ઓન લાઇન અરજીનાં તમામ પેજ ને સેવ (Save) એન્ડ નેક્સટ (Next) ઉપર જઇ અરજીફોર્મ સંપૂર્ણ ભરી દેવું. ફોર્મ ફી પેમેન્ટ મેનું પર જઇ ઑનલાઇન ભરવાની રહેશે અને તેની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. એક વખત ફોર્મ ફી ભરાઇ જશે પછીથી ઉમેદવાર તેની ઓનલાઇન અરજીફોર્મમાં કોઇ જ સુધારા કરી શકશે નહિં જેની ખાસ નોંધ લેવી.
8) ઓનલાઇન એપ્લીકેશન કરતાં જે ફિલ્ડમાં ટકાવારી દર્શાવવાની હોય તે ફિલ્ડમાં જો ઉમેદવાર પાસે ગ્રેડ પોઇન્ટ ધરાવતું ગુણપત્રક હોય તો તેમણે ગ્રેડ પોઇન્ટને સંબંધિત યુનિવર્સિટી કે બોર્ડના નિયમ મુજબ ગ્રેડ પોઇન્ટને ટકાવારીમાં પરિવર્તિત કરીને દર્શાવવાના રહેશે અને આ નિયમો ડૉક્યુમેન્ટ વેરિફીકેશન સમયે રજૂ કરવાના રહેશે અથવા સંબંધિત યુનિવર્સિટી કે બોર્ડના સક્ષમ અધિકારીની સહી વાળું ગ્રેડ પોઇન્ટને ટકાવારીમાં પરિવર્તિત કરેલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. આ માટે કોલેજના આચાર્યશ્રી દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય રહેશે નહિં.
9) ઉમેદવારે પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો (150KB થી ઓછી સાઈઝ), સહી (150KB થી ઓછી સાઈઝ) અને અરજીપત્રકમાં દર્શાવેલ ડોક્યુમેન્ટ (દરેક ની સાઈઝ 150KB થી ઓછી) ઓનલાઈન અરજીપત્રકમાં અપલોડ કરવાના રહેશે. ફોટો અને સહી JPG, JPEG કે PNG ફોર્મેટ માં તેમજ ડોક્યુમેન્ટ્સ (pdf) ફોર્મેટમાં જ અપલોડ થશે. અરજીપત્રકમાં દર્શાવેલ વિગતોનાં તમામ આધારો અસલમાં ડોક્યુમેન્ટ વેરીફીકેશન અને સમાલાપ કાર્યવાહી વખતે ઉમેદવારે સાથે લાવવાના રહેશે. ઉપરોક્ત વિગતો અપલોડ કર્યા સિવાય અરજી કન્ફર્મ થઇ શકશે નહિ અને આવી અરજી રદ થવાને પાત્ર ઠરશે.

**નોંધ:-** જો પ્રમાણપત્રો અપલોડ કરવાના સંબંધિત module માં એક કરતાં વધારે પ્રમાણપત્રો અપલોડ કરવાનાં થતાં હોયતો તમામને સ્કેન કરી merge કરી એક (સિંગલ) pdf બનાવવી અને તે module માં અપલોડ કરવી.

10) ઓનલાઇન અરજી કર્યા પછી કરેલ અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે અને સાચવણી કરી જરૂર પડેથી રજુ કરવાની રહેશે.
11) જે ઉમેદવાર ઓનલાઇન અરજી કરતી વખતે ખોટી માહિતી આપશે તેમને ગેરલાયક ઠેરવવામાં આવશે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધુરી અથવા ભુલભરેલી ઠરશે તો ભવિષ્યમાં ભરતી અને સેવાના કોઇપણ તબક્કે ગેરલાયક ઠેરવવામાં આવશે અને આ અંગે કોઇપણ પ્રકારની રજુઆત સ્વિકારવામાં આવશે નહીં.
12) ઉમેદવારોએ ભરતી પ્રક્રિયા સાથે સંકળાયેલ અધિકારી/કર્મચારીઓનો સંપર્ક કરવો નહીં. કોઇપણ પ્રકારે દબાણ લાવનાર કે ભરતી પ્રક્રિયામાં વિક્ષેપ કરનાર ઉમેદવારની અરજી રદ કરવામાં આવશે.
13) અરજી ફી ચુકવણીની વિગતો વિનાની ઓન-લાઇન અરજી આપોઆપ રદબાતલ ગણાશે, જે ઉપર કોઇ વિચાર કરાશે નહિ.
14) **ભરતી સંબંધી સૂચનાઓ વખતોવખત વેબસાઈટ પર પ્રદર્શિત કરવામાં આવશે. આથી, તે અંગેની સૂચનાઓ વેબ સાઈટ www.rascheguj.in પર ચકાસવા ઉમેદવારોને સલાહ છે.**

**સામાન્ય સુચના :** કમિશ્નર (ઉચ્ચ શિક્ષણ) ને કોઈપણ ઉમેદવાર તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો મુજબ યોગ્ય નહિ હોવાનુ જણાશે, તો કોઈપણ તબક્કે તેની નિમણૂક રદબાતલ કે સ્થગિત કરી શકશે.

1) આ ભરતી પ્રક્રિયા પૂર્ણતયા તે સંવર્ગ માટે લાગુ પ્રવર્તમાન નિયમો, જોગવાઈઓ અને સરકારશ્રીના સામાન્ય નિયમોને આધીન રહેશે
2) આ જાહેરાત અનુસાર ભરતી કાર્યક્રમ કે શરતોમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો તથા રદ કરવાનો ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગાંધીનગરને સંપૂર્ણ અધિકાર રહેશે.

તમામ ઉમેદવારો અને સંસ્થા વચ્ચેના વિવાદો સમેત કોઈપણ વિવાદ વેળા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગાંધીનગરનો નિર્ણય આખરી રહેશે અને જે તમામ પક્ષકારોને બંધનકર્તા રહેશે.

**ભરતી સંબંધી અન્ય તમામ માહિતી માટે જુઓ વેબસાઈટ : http://www.rascheguj.in/**

**Editor and Published by Ashok Kalariya (Director of Information) on behalf of Director of Information. Block No. 19/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. Printed by Government Central Press, Nr. Gh-7 Circle, Sector-29, Gandhinagar-382029.**